દેશમાં કોરોનાના કેસ ૮૬ હજારથી વધુ કેસ

ભારતમાં સતત છ દિવસ કેસ ઘટ્યા બાદ ફરીથી એક્ટિવ કેસમાં વધારો : કુલ કેસનો આંકડો ૫૮.૧૮ લાખને પાર, ૧૧૪૧ના મોત સાથે મૃત્યુઆંક ૯૨૨૯૦એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ પૂર ઝડપે ફેલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બ્રાઝીલને પાછળ છોડીને બીજા સ્થાન પર પહોંચી ગયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૬૦૫૨ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૫૮૧૮૫૭૦ સુધી પહોંચી ગઈ છે.

દેશમાં સતત છેલ્લા પાંચ દિવસથી કોરોના વાયરસના સંક્રમણમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા નવા નોંધાતા સંક્રમિતોના કેસો કરતા વધારે નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૧૧૭૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૭૫૬૧૬૪ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવારે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૯૭૦૧૧૬ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૧૧૪૧ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૯૨૨૯૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૮૧.૭૪ ટકા સુધી પહોંચ્યો છે.

ICMRના જણાવ્યાં મુજબ ૨૪ સપ્ટેમ્બર સુધી કોરોના વાયરસના કુલ ૬ કરોડ ૮૯ લાખ સેમ્પલ ટેસ્ટ કરાયા હતાં. જેમાંથી ૧૫ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈ કાલે કરવામાં આવ્યું.

આ બધા વચ્ચે દિલ્હીમાં કોવિડ-૧૯ના ૩૮૩૪ નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિતોની સંખ્યા હવે ૨.૬૦ લાખ થઈ ગઈ છે. સંક્રમણથી ૩૬ વધુ દર્દીઓના મોત થયા બાદ કુલ મૃત્યુઆંક ૫૧૨૩ થયો છે. દિલ્હી સરકારના સ્વાસ્થ્ય બુલેટિન મુજબ દેશની રાજધાનીમાં સંક્રમિતોની સંખ્યા ૨,૬૦,૬૨૩ થઈ છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૩૨૫૦૯૦૪૭	૯૮૯૨૭૫	૨૮૬૯૫૩૨૮
ભારત	૫૮૬૦૫૫૩	૯૨૭૨૩	૪૭૯૪૬૫૫
ગુજરાત	૧૩૦૩૯૧	૩૩૯૮	૧૧૦૫૯૦
ગાંધીનગર	૩૪૩૫	૧૯૪	૨૭૯૨

રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૪૨ કેસ

૫,૯૯,૬૩૯ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાયા : અત્યાર સુધીમાં ૩૩૯૬ લોકોનાં મૃત્યુ થયા, ૧૧૦૪૯૦ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૯૨ લોકો વેન્ટિલેટર ઉપર છે

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૧૯૧૨ ટેસ્ટ કરવામાં આવતા કોરોના પોઝિટિવના ૧૪૪૨ નવા કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૩૦૩૯૧ થયો છે. રાજ્યમાં કોરોનાને લીધે ૧૨ દર્દીના મોત થયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૩૯૬ થયો છે. રાજ્યમાં આજે ૧૨૭૯ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જ ૧૧૦૪૯૦ દર્દી થયા છે. આજની સ્થિતિએ રાજ્યમાં ૧૬૫૦૫ કુલ એક્ટિવ કેસ છે. વેન્ટીલેટર પર ૯૨ અને ૧૬૪૧૩ સ્ટેબલ છે. રાજ્યમાં સતત કોરોનાનો કહેર વધતો જાય છે. સુરતમાં આજે એક દિવસમાં કોરોનાના કેસ ૩૦૦ પર પહોંચ્યો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૪.૭૪ ટકા છે. રાજ્યમાં આજની તારીખે ૫૯૯૬૩૯ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૯૯૨૫૨ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૩૮૭ ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાજ્યમાં કુલ ૪૧૧૦૧૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૧૨ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૩, રાજકોટ શહેરમાં ૨, વડોદરા શહેરમાં ૨ અને જિલ્લામાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં આજે કોરોના ૧૫૬ અને જિલ્લામાં ૨૭ સાથે ૧૮૩ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૫૬૭૨ થયો છે. આજે ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૭૯૫ થયો છે. સુરત શહેરમાં આજે કોરોનાનાં ૧૮૬ અને જિલ્લામાં ૧૧૪ સાથે ૩૦૦ કોરોનાના કેસ નોંધાયા છે. સુરતમાં આજે ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૭૫૩ થયો છે. સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૭૪૯૨ થયો છે. વડોદરા શહેરમાં ૯૪ અને જિલ્લામાં ૪૦ સાથે ૧૩૪ કેસ પોઝિટિવ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૧૪૦૪ થયો છે. આજે ૩ મોત નોંધાતા કોરોનાને લીધે મૃત્યુઆંક ૧૭૭ થયો છે. રાજકોટ શહેરમાં ૧૧૧ અને જિલ્લામાં ૩૭ સાથે ૧૪૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજે ૨ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૩૨ પર પહોંચ્યો છે. જામનગર શહેરમાં ૧૦૨ અને જિલ્લામાં ૧૨ સાથે ૧૧૪ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૫૯૯ થયો છે.

મહાત્મા ગાંધી : અ ગ્રેટ કમ્યુનિકેટર એ વિષય પર વેબિનાર યોજાયો

આત્મિક સંચારની શાશ્વત કળા આત્મસાત કરી હતી મહાત્મા ગાંધીએ : ડો. ધીરજ કાકડિયા

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ગુજરાત એકમના વડા, અપર મહાનિદેશક ડૉ. ધીરજ કાકડિયાએ કહ્યું કે વિશ્વના મહાનતમ પ્રત્યાયનકાર એવા મહાત્મા ગાંધીએ આત્મિક સંચારની શાશ્વત કળા સુપેરે આત્મસાત કરી હતી.



પ્રાદેશિક લોકસંપર્ક બ્યૂરો અમદાવાદ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત યુનિવર્સિટી અને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના વિદ્યાર્થીઓ સાથે ''મહાત્માગાંધીઃ- અ ગ્રેટ કમ્યુનિકેટર'' વિષય પર વેબિનારમાં બોલતા ડૉ. કાકડિયાએ કહ્યુ કે, એક મહાન સંતની ભૂમિકામાં છાજે એવી રીતે વિલક્ષણ રાજનિતિજ્ઞ મહાત્મા ગાંધી મન અને બુદ્ધિથી ઉપર ઈન્દ્રિયાતિત કોમ્યુનિકેશન દ્વારા પોતાના સંદેશાઓ વિશ્વભરમાં પહોંચાડી શક્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વડા ડૉ. સોનલબેન પંડ્યાએ જણાવ્યું કે ભૂલોનો સ્વીકાર ગાંધી સિવાય ભાગ્ય જ કોઈ વ્યક્તિએ આટલા મોટા પ્રમાણમાં કર્યો હશે. તેમના શબ્દોમાં નકારાત્મક્તા ક્યારે જોવા મળતી ન હતી. કમ્યુનિકેશનના ગાંધીજીના કોમ્યુનિકેશન સ્કીલ સાથે જોડી તેમના પ્રત્યાયનની કળા વિસ્તારથી સમજાવી હતી.

ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વ વિભાગના વડા ડૉ. પુનિતાબેન હરણેએ ગાંધીજીના પત્રો પર લખવામાં આવેલા પુસ્તકમાંથી અમુક અંશ વાંચીને જણાવ્યું કે, તેમના પત્રોમાં પાવરફુલ કમ્યુનિકેશન જોવા મળે છે. અતિ વ્યસ્ત હોવા છતા ગાંધીજી તેમના પરિવારને પત્રો લખતા અને સામાન્ય વ્યક્તિની જેમ નાની-નાની વાતો પર ચર્ચા કરતા હતા. સ્પેલિંગ મિસ્ટેક, ખાવાની રીત, બાળકોની સંભાળ, કપડા વગેરે જેવા વિષયો પર પણ તેઓ પરિવારને સટિક અને સ્પષ્ટ જાણકારી આપતા હતા. ગાંધીજી તેમના પત્રો અને લખાણમાં એટલા સ્પષ્ટ હતા કે, તેઓ વાંચ્યા, વિચાર્યા વગર ક્યારે પોસ્ટ કરતા નહીં.

પ્રાદેશિક લોક સંપર્ક બ્યૂરોના ડિરેક્ટર શ્રીમતી સરિતાબેન દલાલે ગાંધીજીને દરેક ક્ષેત્રમાં પત્રકાર તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ ગણાવ્યા હતા. એમણે જણાવ્યુ કે ગાંધીજી કેટલા શક્તિશાળી કમ્યુનિકેટર હતા એનું પ્રમાણ એમના વિચારો તથા એમના ખ્યાલોને મળેલા વ્યાપક સ્વીકરમાં જોવા મળે છે.

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના પ્રાધ્યાપક કૌશલ ઉપાધ્યાયએ સમગ્ર વેબિનારનું સુચારુ રૂપે સંચાલન કર્યુ હતું.

તલોદની સીમમાં સરકારી જમીન ઉપર દબાણ પર બુલડોઝર ફેરવ્યુ

તલોદ, તા. ૨૫

તલોદની સીમમાં આવેલી સરકારી જમીન ઉપર કેટલાક દબાણકર્તાઓએ કરેલા મકાન અને લોખંડી દરવાજા ઉપરના દબાણો તલોદ મામલતદારે નગરપાલિકા અને પોલીસ ટીમના બંદોબસ્ત લઈ ગેરકાયદેસર દબાણો તોડી પાડી કાયમી ધોરણે દુર કરવામાં આવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટે કરેલા ઓરલ ઓર્ડર અન્વયે પ્રાંતિજ વિભાગના નાયબ કલેક્ટરે તલોદ મામલતદારને કરેલા હુકમ અન્વયે આવા દબાણો હટાવી દેવાની કામગીરીનો શ્રેષ્ઠ એવોર્ડ મેળવનાર અગરસિંહ ચૌહાણ મામલતદારના નેતૃત્વમાં કરવામાં આવી હતી.

તલોદનગરના સર્વે નંબર ૧૬૦૭ની સરકારી જમીનમાં બિન કાયદેસર રિતે સોલંકી પ્રિયંકાબહેન રાકેશભાઈ તથા પરમાર મનુસિંહ કાંતિસિંહ મળી કાચા-પાકા મકાનો બનાવી ગેરકાયદેસર દબાણ કર્યુ હતુ. જ્યારે પરમાર બળવંતભાઈ મોહનભાઈએ ખેતિ વિષયક દબાણ પણ કર્યુ હતુ. તદ્ ઉપરાંત લોખંડનો જાળીવાળો દરવાજો પણ ઉભો કરી દિધો હતો.

જેથી આ પંથકમાં વિવાદનું માધ્યમ બનેલા આ દબાણોની સમસ્યા સમયાંતરે ગુજરાત હાઈકોર્ટના દરવાજે પહોંચ્યો હતો આવા ગેરકાયદેસર દબાણકર્તા સામે લેન્ડ રેવન્યુ કાર્ડની કલમ ૬૧ મુજબ કાર્યવાહિ પણ કરવામાં આવી હતી. આ દબાણ સ્વેચ્છાએ દૂર નહિ કરાતા તેઓને અનેકવાર નૉટિસ ફટકારીને સ્વૈચ્છીક દબાણો હટાવી દેવા જણાવેલુ હતુ પરંતુ તેઓએ દબાણ નહિ હટાવતા સરકારી રાહે દબાણો દુર કરવાની તંત્રને ફરજ પડી હતી. આવી જ રીતે સરકારીતંત્ર અસંખ્ય પ્રધાનમંત્રી યોજનાના ભ્રષ્ટ કામગીરી હેઠળ કરોડોની સરકારી જમીન ઉપર થયેલુ આવાસોનું દબાણ દુર કરવાની પણ ચોક્કસપણે લોકોની માંગ ઉઠી છે.

ચૂંટણી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોડાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, કોરોના સંકટના કારણે દુનિયાના ૭૦ દેશોમાં ચૂંટણીને ટાળી દેવાઈ છે. કોરોના સંકટ વચ્ચે બિહાર અને પેટાચૂંટણી અંગે સતત મંથન કરવામાં આવ્યું. બિહાર ચૂંટણી દેશના સૌથી મોટા રાજ્યોમાં અને આ ચૂંટણી કોરોના કાળમાં સૌથી મોટી ચૂંટણી છે.

બિહારમાં કુલ ૨૪૩ બેઠકો પર ચૂંટણી યોજાશે, રાજ્યમાં ૨૯ નવેમ્બર સુધી વિધાનસભાનો કાર્યકાળ છે. આ વખતે પોલિંગ સ્ટેશનની સંખ્યા અને મેનપાવર વધારવામાં આવ્યો છે. બિહારમાં ૨૦૨૦ની ચૂંટણીમાં સાત કરોડથી વધુ મતદાતા મતદાન કરશે. આ વખતે એક બૂથ પર માત્ર એક હજાર મતદાતા જ હશે.

આ વખતે ચૂંટણીમાં ૬ લાખ PPE કીટ રાજ્ય ચૂંટણી પંચને આપવામાં આવશે, ૪૬ લાખ માસ્કનો ઉપયોગ પણ થશે. સાત લાખ હેન્ડ સેનેટાઈઝરનો ઉપયોગ કરાશે. સાથે જ ૬ લાખ ફેસ શિલ્ડનો પણ ઉપયોગ થશે. ચૂંટણી કમિશનરે કહ્યું કે, આ વખતે બિહારમાં વર્ચુઅલ ચૂંટણી પ્રચાર થશે. ઉમેદવારીપત્રક દરમિયાન બે કરતા વધારે વાહનો ઉમેદવારની સાથે નહીં આવે. નામાંકન ઓનલાઈન પણ થઈ શકે છે અને અભિયાન દરમિયાન મોટી જાહેર સભાઓ યોજવામાં આવશે નહીં. આ સાથે મતદાન મશીનનું બટન દબાવતા પહેલા મતદારોને ગ્લોવ્ઝ પૂરા પાડવામાં આવશે.

મજુરો દટાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કીમમાં ભોંયરાનુ ખોદકામ ચાલી રહ્યુ હતુ ત્યારે અચાનક જ ભેખડ ધસી પડી હતી.જેના લીધે અહીં કામ કરતા મજુરોમાં દોડધામ મચી ગઈ હતી. જો કે બે મજુરો દોડીને આ સ્થિતિમાં બહાર ન નિકળી શકતા માટી નીચે ધરબાયેલા આ બે શ્રમિકોનુ કરૂણ મોત નિપજયુ હતુ આ ઘટનાના પગલે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા આ દરમિયાન ફાયર ટીમે જે સી બી મશીનથી દટાયેલા મજુરોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી આકાશ ઠાકોર ઉ વ-૧૮ તેમજ બિહારના મહોમ્મદ કૌશલ આલમ ઉ વ ૩૦ ના મૃતદેહ માટીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા આ દુર્ઘટનાથી અન્ય હાજર મજુરોમાં ભારે રોષ ભભુક્યો હતો. જયારે મૃતક મજુરોના મૃતદેહ સ્વીકારવાનો પણ ઈન્કાર કર્યો હતો જયારે સ્થળ પર પહોંચેલી પોલીસે સમજાવટના અંતે આ મજુરોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ મોકલ્યા હતા. ત્યારે આ ઘટનામાં હાલ તો અકસ્માતે મોતનો ગુન્હો નોંધી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બીજીતરફ ગુડા આ મામલે સતત બેદરકારી દાખવતુ હોવાનો સુર પણ આક્રોશ સહ ઉઠવા પામ્યો છે. ત્યારે ગુડાએ નગર આસપાસ ધમધમતી આ સાઈટ પર મજુરોની સલામતી માટે સજાગ થવાની અનિવાર્યતા છે.

પૂરક પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી જરૂરી વિશેષ તકેદારી પણ રાખવામાં આવશે. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહને અનુલક્ષીને પણ આગામી તા ૨૮ સપ્ટેમ્બર સોમવારથી પુરક પરીક્ષાનુ આયોજન કરાયુ છે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બે વિષયની આ પુરક પરીક્ષાને અનુલક્ષી સાત કેન્દ્રોમાં ૨૦૦ થી વધુ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરેક પરીક્ષા ખંડમાં માત્ર ૨૦ જ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવશે. જયારે દરેક કેન્દ્ર પર કોવિડ સુપરવાઈઝરની પણ નિમણુંક કરવામાં આવી છે.સામાન્ય પ્રવાહમાં જિલ્લામાંથી અંદાજિત ૪૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જે પરીક્ષાર્થીઓ પાસે માસ્ક નહીં હોય તેવા પરીક્ષાર્થીઓને માસ્ક પણ આપવામાં આવશે.

૧૯ સંક્રમિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. આર્કિટેક્ચર તરીકે કામ કરતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૧માં ખાનગી નોકરી કરતા અને સે. ૪ માં રહેતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦માં રહેતા અને સલામતિ શાખા સે. ૨૦ માં નોકરી કરતા ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨માં અર્બુદા મેડીકલ સ્ટોરમાં નોકરી કરતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

એક ૩૦ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ શ્રમિકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. તેમાં જી.સી.ઈ.આર.ટી.માં ડ્રાયવર તરીકે નોકરી કરતા ૪૮ વર્ષીય પુરૂષ, આરોગ્ય ખાતામાં સિની. ક્લાર્ક તરીકે ફરજો બજાવતી ૪૦ વર્ષીય મહિલા, ૭૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માં રહેતા સબ રજીસ્ટ્રાર તરીકે સેવાસદનમાં સેવારત ૪૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી એક ૭૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીમાં ફરજો બજાવતા ૫૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં વધતા જતા સંક્રમણના કેસોને નિયંત્રણમાં લેવા તંત્રએ હવે સંવેદનશીલ વિસ્તારોમાં રેપીડ એન્ટીજન ટેસ્ટ વધુમાં વધુ કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. શહેરમાં રિકવરી રેટ સારો છે જેને લઈ તંત્ર થોડીક રાહત અનુભવી રહેલ છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવી રહેલા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડીસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લા તંત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થાય છે. રાંધેજા ગામેથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોબા ગામે પણ કોરોનાએ તેની પુનઃ હાજરી પુરાવી છે. કોબામાંથી ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે નિવૃત્ત કર્મયોગી છે અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કુડાસણ ગામેથી પણ આજે બે કેસ મળ્યા છે. આ બન્ને મહિલા દર્દી છે. ૪૨ વર્ષીય મહિલા અને ૧૪ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી આજે વધુ કેસ મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્રએ માત્ર એક જ કેસ બતાવ્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ચરાડા ગામેથી ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. આ ઉપરાંત લોદરા ગામેથી ૭૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં બોરીસણા ગામેથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છત્રાલમાંથી ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. સાંતેજમાંથી ૩૨ વર્ષીય યુવાન, ધમાસણામાંથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ખોલા ગામેથી ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં હાલ ૧૮૧ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

જિલ્લામાં રિકવરી રેટ ઘણો સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યું છે કે આજે ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૧૮૨૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૪૧૬૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

બાલાસુબ્રમણ્યમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૪ વર્ષીય ગાયક એસપી બાલાસુબ્રમણ્યમે પોતાના અધિકારિક ફેસબુક પેજ પર વીડિયો પોસ્ટ કરીને આ અંગેની જાણકારી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ઠંડી અને તાવ ઉપરાંત થોડા દિવસથી છાતી ભારે લાગી રહી હતી. જે બાદમાં તેમણે કોરોના રિપોર્ટ કરાવ્યો હતો. આ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. લોકપ્રીય ગાયક એસપી બાલાસુબ્રમણ્યમે જણાવ્યું કે, ડોક્ટર્સે તેમને ઘરે જ ક્વૉરન્ટીન રહેવાનું અને દવા લેવાનું કહ્યું હતું. પરંતુ ઘરના લોકો ખૂબ જ ચિંતા કરતા હોવાથી તેઓ હૉસ્પિટલમાં દાખલ થયા હતા.

કલમ-૧૧(૧)ની કલમ-(૧) હેઠળનું પ્રાથમિક જાહેરનામું

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનમય-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : મહેસાણા, તા. કડી, ગામ : વાઘરોડા, વળતર કેસ નં. ૧/૨૦૧૯
નંબરઃઅકન/ક-૧૧(૧)/પ્રા.જાહેરનામુ/વારગોડા/૧/૧૯/એસ.આરઃ૩૭૪, તા.૧૦/૯/૨૦૨૦

અધિક કલેક્ટર (નર્મદા) ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કચેરી અમદાવાદને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે (ગુજરાત સરકારના નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના તા. ૭/૩/૨૦ના પત્ર ક્રમાંક : જ.સં./૨૦૨૦/મહેસાણા/૩/૧/મ) મળેલ સત્તાની રૂએ એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની નર્મદા યોજનાની વાઘરોડા માઈનોર (ટેઈલ ડીસ્ટ્રીબ્યુટરી) નહેરના બાંધકામ કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧(૧)ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહું જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી શદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂરી છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમક-૩ (જી) હેઠળ સદરહુ જમીનોના સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા માટે રાજ્ય સરકાર નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના, મહેસાણાને ઉક્ત અધિનિયમની જોગવાઈ હેઠળ ઉક્ત જમીનો સંબંધમાં નીમે છે.

૫. જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી, (નર્મદા યોજના), બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમિયાન કરી શકાશે.

૬. સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઈ, વાંધાઓ હોય તો આ જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસમાં કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી, (નર્મદા યોજના), બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાને રજૂ કરવાના રહેશે.

અનુસુચિ

તારીખ : ૧૦/૯/૨૦૨૦

જિલ્લો : મહેસાણા તાલુકા : કડી મોજે : વાઘરોડા વળતર કેસ નં. ૧/૧૦

સર્વે નંબર/ બ્લોક નંબર	જરૂરી જમીનોનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	જે જાહેર હેતુ માટે જમીનની જરૂર છે તે જાહેર હેતુ
૧	૨	૩
૫૪૯	૦.૦૬.૪૭	સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની વાઘરોડા માઈનોર (ટેઈલ ડીસ્ટ્રીબ્યુટરી) નહેરના બાંધકામ માટે.
કુલ-૧	૦.૦૬.૪૭	

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે. એસ. યાજ્ઞિક)
અધિક કલેક્ટર (નર્મદા)
અમદાવાદ

ક્રમાંકઃનામાનિ/મહે/૨૧૯/૨૦-૨૧